# સુરત મહાનગરપાલિકા

## "જાહેરનામું"

હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ **COVID-19**ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે અને ભારતમાં પણ **COVID-19**નાં કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ **COVID-19**ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવેલ છે. સુરત શહેરમાં કોરોના વાઈરસનાં સંક્રમણને ધ્યાને લેતા કેટલાક વિસ્તારમો સોશીયલ ડીસ્ટન્સીંગ (Social Distancing) જળવાવું જોઈએ તે જળવાતું નથી. જેથી નોવેલ કોરાના વાયરસ **COVID-19**નું સંક્રમણ ફેલાવવાની ઘણી શકયતાઓ રહેલી છે.

આથી હું બંછાનિધિ પાની,IAS, કમિશનર, સુરત મહાનગરપાલિકા, સુરત ગુજરાત રાજય એપેડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ ની કલમ-૨,૩ અને ૪ થી પ્રાપ્ત સત્તા અન્વયે તથા ગુજરાત રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનાં જાહેરનામાં ક્રમાંક નં.**NCV/102020/SF-1/G,DATE:- 20/03/2020** નાં પેરા નં.૧૧ થી મળેલ અધિકારની રૂએ સુરત મહાનગરપાલિકામાં આવેલ નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં આવેલા માન સરોવર સર્કલ થી મનીષા ગરનાળા તરફ રસ્તા પર રઘુવીર પ્રાર્ક સોસાયટી થી વર્ધમાનપાર્ક સોસાયટી થઈ મહાવીર ધામ સોસાયટી થઇ મનીષા સોસાયટી થઈ જુના કોસાડ પર ક્રિષ્નાનગર સોસાયટી થઈ હરિસિધીનગર સોસાયટી થઈ સાંઈધામ સોસાયટી થઈ સુર્યનગર સોસાયટી થઈ હરિદર્શન સોસાયટી થઈ જીવનજયોત નગર સોસાયટી થઈ સત્તાધાર સોસાયટી થઈ સત્તાધાર હોસ્પિટલ થઈ રઘુવીર સોસાયટી સુધીનો વિસ્તારમાં આવેલ કુલ ૮૦૩૩ ઘરોમાં રહેતા કુલ ૩૫૭૬૯ લોકોને CLUSTER તરીકે જાહેર કરી બીજો હુકમ ન થાય ત્યાં સુધી ફરજીયાત હોમ ક્વોરોન્ટાઈન રહેવા હુકમ કરું છું.

ઉપરોકત હુકમનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અન્યથા સદર હુકમનો અનાદર કરનારની સામે ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ તથા એપેડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

નં.પી.આર.ઓ./૩૨/૨૦૨૦-૨૧

તા.૨૨/૦૪/૨૦૨૦

કમિશનર

સુરત મહાનગરપાલિકા